તા. ૩૦.૦૪.૨૦૨૪, પાના નં. ૦૪
દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ),

# શહેરમાં આવેલા ચ-5 સર્કલને આઈકોનિક તરીકે વિકસાવાશે

## કોર્નરનું પણ બ્યુટિફિકેશન કરવામાં આવશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરમાં મેટ્રો રેલની કામગીરીને કારણે અનેક સર્કલો ડેમેજ થયા છે. મેટ્રો રેલની કામગીરી સંપૂર્ણ રીતે પુરી થયા બાદ સર્કલોને નવેસરથી ડેવલપ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં ચ-5 સર્કલને આઈકોનિક સર્કલ તરીકે વિકસાવવાનું આયોજન પાટનગર યોજના વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

ચ- 5 સર્કલને બ્યુટીફિકેશનની સાથે ટ્રાફિકના સુચારૂ સંચાલન માટે પણ સજ્જ કરવામાં આવશે. આ માટે ખાસ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. રોડ પર ટ્રાફિક આઈલેન્ડ તરીકે સર્કલ ડેવલપ થશે તેની સાથે સર્કલના ચારેય તરફના કોર્નર પણ ડેવલપ કરાશે. ચારેય કોર્નર પર પણ ટ્રાફિક આઈલેન્ડ બનાવવામાં આવશે. જે મુજબ સિક્સલેન ચ- રોડ પરથી ડાબે વળવા માંગતા વાહનો માટે વધારાની 100 મીટર લાંબી લેન તૈયાર કરવામાં આવશે. હાલ વિવિધ સર્કલ પર ટ્રાફિક બોલાર્ડ મૂકીને ડાબી બાજુની લેન ખુલ્લી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે પરંતુ લોકો જાગૃત નહીં હોવાથી આ પ્રયોગ ખાસ સફળ રહ્યો નથી. જેથી ચ-5 સર્કલ પર નવતર પ્રયોગ તરીકે સીધા જવાવાળા લોકો માટે બે લેન છોડીને ડાબી તરફ વળવા માટે એક અલાયદી લેન તૈયાર કરાશે. તબક્કાવાર અન્ય ટ્રાફિક જંક્શન પર પણ આ પ્રકારની વ્યવસ્થા ગોઠવાશે. ગાંધીનગરમાં મેટ્રો રેલની કામગીરીને કારણે અનેક સર્કલો ડેમેજ થયા છે. મેટ્રો રેલની કામગીરી સંપૂર્ણ રીતે પુરી થયા બાદ સર્કલોને નવેસરથી ડેવલપ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.